અધ્યયન નિષ્પત્તિ ક્ર.૧ : પરિચિત ફકરા જેવા કે કથા/ કવિતા વગેરે વિશે વાતચીત કરે છે, પ્રશ્ન પૂછે છે. વિષય, ચિત્ર, પાત્ર માટે મત વ્યક્ત કરે છે.

શિક્ષકો માટે સૂચના :

- શિક્ષકે કવિતા તાલ અને સૂર સાથે બાળકોને ગાઈ સંભળાવવી.
- કવિતા ગાતા પહેલાં બાળકોને સૂચના આપવી કે કવિતા ધ્યાનપૂર્વક સાંભળો, તેના આધારે પ્રશ્ન પૂછીશ.
- દરેક બાળકને કવિતા સ્વતંત્રપણે ગાઈને સંભળાવવી અને ત્યારપછી કવિતાના આધારે આપેલા પ્રશ્નો પૂછવા.
- એક પ્રશ્નનો ઉત્તર આપવા વિદ્યાર્થીને ૧૦ સેકંડનો સમય આપવો. જો એકાદો વિદ્યાર્થી પ્રશ્નનો ઉત્તર ૧૦ સેકંડમાં આપી શકે નહિ તો તેને આગળનો પ્રશ્ન પૂછવો.

વાચન કવિતા :

જઈ પપ્પાને કહેને,
મમ્મી ચાંદામામા સાથે
થોડુંક રમવા દેને...
જોને પેલા ટમ્‌ટમ્ કરતા તારાઓ બોલાવે,
ફળિયે ઊતરી આમ ચાંદની નહિતર લેવા આવે !
દૂર દૂર ત્યાં નાની નાની વાદળીઓ પણ છેને ?
મમ્મી ચાંદામામા સાથે થોડુંક રમવા દેને...
ઘણી લહેરખી રાહ જુએ છે. જોને ઊંચી ડાળે
કંઈક આગિયા રમવા આપ્યા પોતાને અજવાળે, લેસન લેસન કરી કરી હું થાકી ગ્યો છું હેં ને?
મમ્મી ચાંદામામા સાથે
થોડુંક રમવા દેને...

પ્રશ્ન	ઉત્તર
૧) બાળકને કોણ રમવા બોલાવે છે ?	તારાઓ
૨) બાળક મમ્મીને શું કહે છે?	ચાંદામામા સાથે થોડુંક રમવા દેવાનું.
૩) પોતાના અજવાળે કોણ રમવા આવે છે ?	આગિયા
૪) બાળક શું કરીને થાકી ગયો છે.	લેસન કરીને.
૫) ટમ્‌ટમ્‌ જેવા કોઈપણ બે શબ્દ બોલ.	બંધ બેસતો ઉત્તર સ્વીકારવો.

મૂલ્યાંકન રૂબ્રિક :

નિકષ	શ્રેણી
કવિતા સાંભળીને ૪ થી ૫ પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપે છે.	૩
કવિતા સાંભળીને ૨ થી ૩ પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપે છે.	૨
કવિતા સાંભળીને ફક્ત એક પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપે છે.	૧
કવિતા સાંભળીને પ્રશ્નોના ઉત્તર આપતા સંકોચ કરે છે. અથવા કોઈપણ પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપી શકતો / શકતી નથી.	૦

અધ્યયન નિષ્પત્તિ ક્ર.૨ : પરિસરમાંની વાતો કવિતા દ્વારા તેને થયેલા અનુભવ વિશે બોલે છે. ભાષાના માધ્યમ કે પોતાની બોલી ભાષામાં પરિસરની ઘટનાઓ વિશે બોલે છે.

શિક્ષકો માટે સૂચના :

- શિક્ષકે ચિત્રના કાર્ડ વિદ્યાર્થીઓના હાથમાં આપવા અને તેનું ધ્યાન દઈને નિરીક્ષણ કરવા કહેવું.
- વિદ્યાર્થીઓને ચિત્ર જોવા માટે તેમ જ વાક્ય ગોઠવવા માટે વધારેમાં વધારે એક મિનિટનો સમય આપવો.
- નિરીક્ષણ કરી લીધા પછી ચાર થી પાંચ વાક્ય બોલવા કહેવા.

મૂલ્યાંકન રૂબ્રિક :

નિકષ	શ્રેણી
ચિત્રમાંનો સંપૂર્ણ આશય ધ્યાનમાં લઈને ૪ થી ૫ વાક્ય બોલે છે.	૩
ચિત્રમાંનો સંપૂર્ણ આશય ધ્યાનમાં લઈને ૨ થી ૩ વાક્ય બોલે છે.	૨
ચિત્ર શેનું છે તે બોલે છે.	૧
કંઇ પણ બોલતો / બોલતી નથી.	૦

અધ્યયન નિષ્પત્તિ ક્ર.૩ : કુટુંબમાં થતી વાતચીત વિશે બોલે છે. તેને પસંદ પડેલી કૃતિનો દર્શક ફલક યોગ્ય ગતિમાં યોગ્ય ઉચ્ચાર સાથે ખબર હોય તે ફકરો વાંચે છે.

શિક્ષકો માટે સૂચના :

- શિક્ષકે વિદ્યાર્થીઓને લખેલા ફકરાના કાર્ડ/ પેપર વાંચવા માટે આપવા.
- વિદ્યાર્થીઓને ફકરો ધ્યાનપૂર્વક વાંચવા કહેવો અને ફકરો વાંચી લીધા પછી પ્રશ્ન પૂછવાની છું તેવી સૂચના આપવી.
- વિદ્યાર્થી એકાદો શબ્દ વાંચવા ૫ સેકંડ કરતાં વધારે સમય લે અથવા અટકી જાય તો તેને આગળનો શબ્દ વાંચવા કહેવું.

ચિહ્નો કરવા સંબંધિત સૂચના (ચિહ્ન સંકેત) :

૧) બાળકે ખોટી રીતે વાંચેલા/ ન વાંચેલા શબ્દો (/) આ ચિહ્ન દ્વારા ચિહ્નાંકિત કરવા.

૨) યોગ્ય પ્રકારે વાંચેલા શબ્દોના (∅) આ ચિહ્ન દ્વારા ચિહ્નાંકિત કરવા.

વાચન ફકરો :

ચાલો, આજે આપણે ભેળ બનાવીએ. ડુંગળી અને મરચાં સમારીએ. મમરા કેટલા કરકરાં છે ! મેં આમલી અને ગોળની ચટણી પણ કરી છે. થોડુંક લીંબુ નીચોવીએ. તેના લીધે હજુ સ્વાદ વધશે. મને ચટણીવાળી ભેળ બહુ ગમે છે. ''રમા, તને ચટણી વગરની સૂકી ભેળ ગમશે ને ?'' થોડીક સેવ નાંખીશુ સૂકી ભેળ બનાવતી વખતે. તેના લીધે હજુ વધારે સ્વાદિષ્ટ ભેળ થશે. ''રમા, મમ્મી, પપ્પા આવો. આપણે બધા મળીને ભેળ ખાઈએ.''

મૂલ્યાંકન રૂબ્રિક :

નિકષ	શ્રેણી
નિયત સમયમાં ૪૫ થી ૬૫ શબ્દો સ્પષ્ટ ઉચ્ચાર, યોગ્ય ગતિમાં આરોહ અવરોહ સહિત અને વિરામચિહ્નો સાથે વાચન કરે છે.	૩
નિયત સમયમાં ૨૦ થી ૪૪ શબ્દો સ્પષ્ટ ઉચ્ચાર, યોગ્ય ગતિમાં અને પોતાનામાં સુધારણા કરી શબ્દો જોડીને વાચન કરે છે.	૨
નિયત સમય કરતાં વધારે સમયમાં ૧૦ થી ૧૯ શબ્દો કે અક્ષરો તોડીને અટકી અટકીને વાંચે છે.	૧
કંઈ પણ યોગ્ય રીતે વાંચતો નથી અથવા કંઈ જ બોલતો / બોલતી નથી.	૦

અધ્યયન નિષ્પત્તિ ક્ર.૪ : જાણીતા ફકરાના પાત્રો અને વાર્તા વિશે પોતાના મત વ્યક્ત કરે છે.

શિક્ષકો માટે સૂચના :

- ફકરો વાંચતા વિદ્યાર્થી અટકી જાય, તો તેના પાસેથી ફકરાનું પેપર લેશો નહિ.
- એકાદા વિદ્યાર્થીએ વાચન કરી લીધા પછી, ફકરા પર આધારિત એક એક પ્રશ્ન પૂછવા.
- જો વિદ્યાર્થી ૧૫ સેકન્ડમાં ઉત્તર આપવા સક્ષમ ન હોય તો તે પ્રશ્ન માટે 'અનુત્તરિત' આ શબ્દથી ચિહ્નાંકિત કરો અને આગળ વધો.
- પ્રશ્ન બે વખત કરતાં વધારે વખત પૂછવો નહિ. જો વિદ્યાર્થી 'મને ખબર નથી' એમ કહે, તો પર્યાય ૦/ અયોગ્ય એમ ચિહ્નાંકિત કરો.

પ્રશ્ન	ઉત્તર
૧) કુટુંબમાં આજે કયો પદાર્થ બનાવવાનો છે ?	ભેળ
૨) ભેળ બનાવવા માટે કઈ કઈ વસ્તુઓ વાપરી છે ?	ડુંગળી, મમરા, મરચું, આમલી, ગોળ
૩) ભેળ ખાનારા લોકો કેટલા છે?	ચાર
૪) ભેળના બંને પ્રકારમાંથી કઈ ભેળ બનાવવામાં આવી છે ?	ચટણીવાળી
૫) તમે ભેળ બનાવવા કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરો છો ?	યોગ્ય ઉત્તર સ્વીકારવા

મૂલ્યાંકન રૂબ્રિક :

નિકષ	શ્રેણી
વાર્તા વાંચ્યા પછી ૪ થી ૫ પ્રશ્નના યોગ્ય ઉત્તર આપે છે.	૩
વાર્તા વાંચ્યા પછી ૨ થી ૩ પ્રશ્નના યોગ્ય ઉત્તર આપે છે.	૨
વાર્તા વાંચ્યા પછી ૧ થી ૨ પ્રશ્નના યોગ્ય ઉત્તર આપે છે.	૧
પ્રશ્નના ઉત્તર આપતાં સંકોચાય છે. અથવા કોઈપણ પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપી શકતો/ શકતી નથી.	૦

અધ્યયન નિષ્પત્તિ ક્ર.૫ : લેખન - શબ્દ, નામ, ક્રિયાપદ, શબ્દો પુનરાવૃત્તિ કરીને લખે છે.

શિક્ષકો માટે સૂચના :

- શિક્ષકે બાળકને નીચે આપેલા શબ્દો પ્રમાણે બીજા શબ્દો લખવા કહેવું. દરેક શબ્દ કહ્યા પછી તે શબ્દોની પુનરાવૃત્તિ થઈ હોય તેવા (ફરી ફરી આવેલા) ધ્વનિ/ અક્ષર ક્યા તે પૂછવા.
- દરેક શબ્દનો ઉત્તર આપવા માટે ૫ સેંકડનો સમય આપવો.

૧) નીચેના શબ્દોના પુનરાવૃત્તિવાચક શબ્દ લખો.

જેમ કે : શૂરવીર - નરવીર

૧) મલકાય - ..... ૨) ગણગણ - .....

૩) ટમટમ - ..... ૪) ઘરઘર - .....

૨) આપેલા વાક્યોમાં ક્રિયાપદ વાપરીને વાક્ય પૂર્ણ કરો.

૧) નલિની ગીત ..... ૨) રોહિત ચિત્ર .....

૩) સમીર ચા ..... ૪) સલીમ શાળામાં .....

મૂલ્યાંકન રૂબ્રિક :

નિકષ	શ્રેણી
બંને સમૂહમાંથી મળીને ૮ થી ૬ કૃતિ અચૂક લખે છે.	૩
બંને સમૂહમાંથી મળીને ૫ થી ૪ કૃતિ અચૂક લખે છે.	૨
બંને સમૂહમાંથી મળીને ૨ થી ૧ કૃતિ અચૂક લખે છે.	૧
એક પણ ઉત્તર લખતો/ લખતી નથી.	૦

❑❑❑